सत्यमेव जयते

આંક–૨૦

**:: નમુના – અ ::**

## વંથલીના એડી. ચીફ જ્યુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.

## રજુ :– શ્રી એલ. આઇ. ઇંગલે

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૨૨/૦૭/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૭૨૭/૨૦૨૫** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | બી. એન. એસ. ની કલમ–૨૮૧(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એ. કલમ–૧૭૭, ૧૮૪ મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૬૮૨૫૦૪૨૫/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | વંથલી. |
| ફરીયાદ પક્ષ | સરકારી શ્રી /મુળ ફરીયાદી –<br>ઉદયભાઇ હકુભાઇ પરમાર |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ | નરેશભાઇ પ્રભુદાસભાઇ કચ્છલા<br>ઉ.વ.૩૯, ધંધો–પ્રા. નોકરી,<br>રહે.જુનાગઢ, ઝાંઝરડા રોડ, જનકપુરી સામે,<br>નટરાજ કોમ્પલેક્ષ, બ્લોક નં.૨૦૫, તા.જુનાગઢ. |
| રજુઆત | વિ. વ. શ્રી એ. સી. રાણીંગા. |

**:: નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૮/૦૮/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૦૯/૦૮/૨૦૨૫ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૦૬/૧૧/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૨૨/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૨/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ<br>(લાગુ પડે તો) | -- |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નરેશભાઇ પ્રભુદાસભાઇ કચ્છલા | ૧૬/૦૯/૨૦૨૫ | ૧૬/૦૯/૨૦૨૫ | ઉપર મુજબ | | -- | ૧૬/૦૯/૨૦૨૫ થી ૧૬/૦૯/૨૦૨૫ |

**:: નમુનો ક ::**

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક-૬) | ઉદયભાઇ હકુભાઇ પરમાર | ફરીયાદી |
| ફ. સા. ૨(આંક-૮) | જયભાઇ વિજયભાઇ વડીયાતર | સાહેદ |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | | |

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી
અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૦૭ | ફરીયાદ |
| આરોપીના વિ. વ.શ્રી ની સંમતીથી નીચે મુજબના દ.પુ.ને આંક આપવામાં આવેલ છે. | | |
| ૦૧ | ૦૯ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |
| ૦૨ | ૧૦ થી ૧૩ | મેડીકલ સર્ટી.ઓ. |
| ૦૩ | ૧૪ થી ૧૭ | આર.સી.બુક, લાયસન્સ, વીમા પોલીસીની ખરી નકલ. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ડ. ભૌતીક પદાર્થ :-

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

## -:: <u>ચુકાદો</u> ::-

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૦૮/૦૮/૨૫ ના કલાક ૨૦-૪૫ દરમ્યાન વંથલીના સોનારડી ગામની સીમમાંથી પસાર થતાં જુનાગઢ મેંદરડા રોડ ઉપર મહાદેવ રીસોર્ટની બાજુમાં પોતાના હવાલની અલ્ટો કાર નં.જીજે-૦૩-સીઈ-૮૨૩૯ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદી તથા સાહેદ નં.-૪ મી મો. સા. નં.જીજે-૧૧-સીએન-૪૬૧૬ સાથે અથડાવી ફરીયાદીને જમણા પગના પોચામાં તથા ડાબા હાથના અંગુઠામાં ફેકચર કરી તેમજ સાહેદને જમણા પગમાં ઈજા તેમજ જમણા સાથળમાં ફેકચર કરી તેમજ માથાના ભાગે ગંભીર ઈજા કરેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૫૦૪૨૫ /૨૦૨૫ ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ બી. એન. એસ. ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એ. કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં બી. એન. એસ. ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી આંક–૦૪ થી પ્લી નોંધતા, તેઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઈન્કાર કરી ગુન્હો કબુલ નથી તેમ જણાવતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ વધુ કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને આંક–૧૯ ના કલોઝીંગ પુરસીસના આધારે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા પાત્ર ન હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી અને બાદ દલીલો સાંભળી કામ આખર નિકાલ માટે મુલત્વી રાખવામાં આવેલ.

**(૦૬)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૮/૦૮/૨૫ ના કલાક ૨૦–૪૫ દરમ્યાન વંથલીના સોનારડી ગામની સીમમાંથી પસાર થતાં જુનાગઢ મેંદરડા રોડ ઉપર મહાદેવ રીસોર્ટની બાજુમાં પોતાના હવાલની અલ્ટો કાર નં.જીજે–૦૩–સીઈ–૮૨૩૯ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદી તથા સાહેદ નં.–૪ મી મો. સા. નં.જીજે–૧૧–સીએન–૪૬૧૬ સાથે અથડાવી ફરીયાદીને જમણા પગના પોચામાં તથા ડાબા હાથના અંગુઠામાં ફ્રેકચર કરી તેમજ સાહેદને જમણા પગમાં ઈજા તેમજ જમણા સાથળમાં ફ્રેકચર કરી તેમજ માથાના ભાગે ગંભીર ઈજા કરી બી. એન. એસ. ની કલમ–૨૮૧, ૧૨૫(એ),

૧૨૫(બી) તથા એમ. વી. એ. કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૭)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદા નંબર ૧ :-**

**(૦૮)** ફરીયાદ પક્ષે આરોપી સામે બી. એન. એસ. ની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એ. કલમ-૧૭૭, ૧૮૪ મુજબનું તહોમત મુકેલ છે. ફરીયાદ પક્ષનાં પુરાવાનું વિશ્લેષણ કરતા પહેલા બોમ્બે હાઈકોર્ટ દવારા સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સુરેશ વિઠ્ઠલ મુલે (૨૦૧૭(૩) ક્રાઈમ્સ ૧૦૭ (બોમ્બે))ના ચુકાદામાં ઈ. પી. કો. ની કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ-૧૮૪ પુરવાર કરવા અંગે માર્ગદર્શન પુરૂ પાડેલ છે જે નીચે મુજબ છે.

Section 279 of IPC relates to the offence of rash driving or riding on a public way in a manner so rash or negligent as to endanger human life or to b likely to cause hurt or injury to any other person. Section 337 of IPC speaks abourt offence of causing hurt to any person by doing an any so rashly or negligently as to endanger human life of personal safety of others. Section 338 of IPC relates to the offence of cusing grievous hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life of personal safety of others. The prosecution has not succeeded in establishing this ingredients of being rashly or negligently which is the requirement to constitute the aforesaid offences. Similarly offence u/s 184 of Motor Vehicle Act also relates to driving dangerously which has not been established by prosecution as the evidence suffers from serious infirmities. Section 279 of IPC has to essential ingredients (I) driving of vehicle and (II) driving must be so rash or neglicent as to endanger human life or likely to cause hurt or injury to any person. A certain aggravated degree of rash or negligent driving is contemplated in the said provision. Rash act is primarily an over hasty act and thus oppose to a deliberate act, but it also includes an act which though it may be sald to be dellberate is yet done whithout due dillberation and caution. In rashness the criminality lies in running the risk of doing an act with recklessness or indiffence to consequences. Criminal rashness is a dangerous act with the knowledge that it is so and that it may cause injury but without intention to cause injury or knowledge that it will be probably caused. The fact that accused

**was merely driving a vehicle at a high speed cannot attract section 279 of IPC. The fact that the vehicle is driving in speed or that the vehicle is not driving in speed cannot buy itself without judging the situation in which the driver had been placed be a factor to determine the rashness or negligence. High speed may not in each case sufficient to hold that the driver is rash or negligent. In fact in the present case it is not established that the driver was in such a high speed driving in rackness manner or that he was rash or negligent. Section 184 of Motor Vehicle Act which also related to driving dangerously makes it clear that the person has to drive a vehicle at a speed or manner which is not dangerous to public having regard to the circumstances including nature condition and use of place where the vehicle is driven and the amount of traffic which actually at the time or which might reasonable be accepted to be in place. Offences under section 337 and 338 of IPC as stated herein above also refer to the act done rashly or negligently for which evidence is short to convict the respondent accused.**

(૦૯) ઉપરોકત ચુકાદામાં કરેલ અવલોકન મુજબ કેસમાં પડેલ પુરાવાનું વિશ્લેષણ કરવું ન્યાયોચીત છે. ફરીયાદ પક્ષે ફરીયાદી ઉદયભાઈ હકુભાઈ પરમારને આંક–૬ થી તપાસેલ છે. તેમનો પુરાવો નીચે મુજબ છે.

બનાવ તા.૮/૮/૨૫ના રોજ બનેલો હુ અને મારો મીત જય મારી નોકરી પુરી કરીને સાંજના મેદરડા જવા નીકળેલા હતા મો.સા.મારો મીત્ર જય ચલાવતો હતો અને હુ પાછળ બેઠેલો હતો અને સોનારડી સીમ પાસે મહાદેવ રીસોર્ટ ની આસપાસ આવતા એક અલ્ટો ગાડી સાથે અમારે અકસ્માત થયેલો હતો.અલ્ટો ગાડી કોણ ચલાવતો હતો તે ખબર નથી પણ રસ્તામા અચાનક કુતરુ દોડી ને આવતા તેને બચાવા જતા મારી મો.સા. અને અલ્ટો ગાડી વચ્ચે અકસ્માત થયેલ અકસ્માત મા હુ અને જય પડી ગયેલ જેના થી મને પગમા ઈજા થયેલ હતી.અને જય ને પણ પગમા ઈજા થયેલ હતી મો.સા.જયના પગ પર પડતા જયને પગમા વધુ ઈજાઓ થયેલ.આજુબાજુમા થી અકસ્માત થતા માણસો ભેગા થઈ ગયેલ અને કોઈ એ ૧૦૮ બોલાવેલ અને અમને બન્ને આયુષ હોસ્પી.સારવાર માટે લાવેલા હતા.સારવાર દરમીયાન જય ને ઈજા વધારે હોય રાજકોટ દવાખાને રીફર કરેલા હતા અને મને નાનુ ઓપરેશન કરી ને એજ દીને રજા આપેલ હતી. હાલ મને અલ્ટો ગાડી નો નંબર યાદ નથી અને કોણ ચલાવતો હતો તે પણ યાદ નથી.બીજા દીને પોલીસ હોસ્પી.મા આવતા બનાવ બાબતે મે ફરીયાદ આપેલ જે અસલ ફરીયાદી મને બતાવવામા આવે છે જેમાં મારી સહી છે.જે રજુ દા.આંક–૭.

(૯.૧) બચાવ પક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી એ વાત કબુલ રાખે છે કે, રસ્તામાં અચાનક કુતરૂ આવી જવાથી અકસ્માત થયેલ. સાહેદ એ હકીકત પણ કબુલ રાખે છે કે, પોલીસે ફરીયાદ પોતાની જાતે લખી લીધેલ અને મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલ. સાહેદે એ હકીકત પણ કબુલ રાખેલ કે, અલ્ટોના ચાલકને તે ઓળખી શકે નહી.

**(૯.૨)** હવે ફરીયાદીનાં પુરાવાનું વિશ્લેષણ કર્યે તો રસ્તામાં અચાનક કુતરૂ આવી જવાથી અકસ્માત થયેલ અને પોલીસે લખેલ ફરીયાદમાં તેઓએ સહી કરી આપેલ તેમજ અલ્ટોના ચાલકને તેઓ ઓળખી શકે નહી.

**(૧૦)** ફરીયાદ પક્ષે સાહેદ જયભાઈ વિજયભાઈ વડીયાતરને આંક–૦૮ થી તપાસેલા છે. આ સાહેદ પણ ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખે છે કે, રસ્તામાં અચાનક કુતરૂ આવી જવાથી અકસ્માત થયેલ અને પોલીસે નિવેદન પોતાની જાતે લખી લીધેલ તેમજ અલ્ટોના ચાલકને તેઓ ઓળખી શકે નહી. આમ, ફરીયાદી કે સાહેદના પુરાવામાં આરોપીની બેદરકારી કે ગફલતભર્યા ડાઈવીંગના કારણોસર બનાવ બનેલ હતો તેવું જણાવતા નથી. જેથી નામદાર બોમ્બે હાઈકોર્ટના સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સુરેશ વિઠ્ઠલ મુલે (૨૦૧૭(૩) કાઈમ્સ ૧૦૭ (બોમ્બે))ના ચુકાદા મુજબ બી. એન. એસ. ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એ. કલમ–૧૭૭, ૧૮૪ પુરવાર માની શકાય નહી.

**(૧૩)** બચાવ પક્ષે આંક–૦૯ બનાવવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૦ થી આંક–૧૩ મેડીકલ સર્ટી.ઓ. તેમજ આંક–૧૪ થી ૧૭ સુધી આર.સી.બુક, લાયસન્સ, વીમા પોલીસીની ખરી નકલ કબુલ મંજુર રાખેલ છે. આ બધો સમર્થનકારક પુરાવો છે હાલના કેસમાં આરોપી પોતાના કબજાની ગાડી ગુફલતભરી તથા બેદરકારીથી ચલાવી અકસ્માત કરેલ હોય તેવો લેશમાત પુરાવો ન હોય ત્યારે આવા સમર્થનકારક પુરાવાના આધારે નામદાર બોમ્બે હાઈકોર્ટના સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સુરેશ વિઠ્ઠલ મુલે (૨૦૧૭(૩) ક્રાઈમ્સ ૧૦૭ (બોમ્બે))ના ચુકાદા મુજબ આરોપી સામે બી. એન. એસ. ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એ. કલમ–૧૭૭, ૧૮૪ પુરવાર માની શકાય નહી.

**(૧૪)** હાલના કેસમાં પડેલ તમામ પુરાવાનું વિશ્લેષણ કરતા એક પણ પુરાવામાં આરોપી પોતાના કબજાની અલ્ટો ફોરવ્હીલ ગફલતભરીરીતે હંકારતા હોય તેવું રેકર્ડ પર આવતું ન હોય ત્યારે નામદાર બોમ્બે હાઈકોર્ટના સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સુરેશ વિઠ્ઠલ મુલે (૨૦૧૭(૩) ક્રાઈમ્સ ૧૦૭ (બોમ્બે))ના ચુકાદા મુજબ બી. એન. એસ. ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા

એમ. વી. એ. કલમ–૧૭૭, ૧૮૪ ના તત્વો પુરવાર થતા ન હોય ત્યારે આરોપી સામેની કલમો મુજબ ગનો પુરવાર માની શકાય નહી જેથી મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**(૧)** હાલના આરોપી નરેશભાઇ પ્રભુદાસભાઇ કચ્છલા રહે.જુનાગઢવાળાને બી. એન. એસ. એસ. ની કલમ–૨૭૮ અન્વયે બી. એન. એસ. ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એ. કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** હાલના આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દશ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૨ મી માહે જુલાઇ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૨૨/૦૭/૨૦૨૬.

**(એલ. આઇ. ઇંગલે)**
**એડી. ચીફ જયુડી. મેજી., વંથલી.**
**કોડ નં.જીજે૦૧૩૭૨.**